**<u>ડાંગરના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ તેમજ જીવાત નિયંત્રણ માટે ખેડૂત વૈજ્ઞાનિક વાર્તાલાપ-વ-તાલીમ યોજાઈ</u>**

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ દ્વારા તારીખ ૧૮/૦૯/૨૦૨૧, શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે "ડાંગરના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ તેમજ જીવાત નિયંત્રણ" માટે ખેડૂત વૈજ્ઞાનિક વાર્તાલાપ-વ- તાલીમ વિષય ઉપર આત્મા જી. ખેડાના સહયોગ દ્વારા ખેડૂત તાલીમ યોજાઈ, જેમાં માતર, ખેડા અને વસો તાલુકાનાં અલગ અલગ ગામનાં આશરે ૭૪ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત આત્મા, ખેડાના પરિયોજના નિર્દેશક શ્રી. પથીકભાઈ દવે, સંશોધન વૈજ્ઞાનિક (ચોખા) તથા ઉપસ્થિત તમામ વૈજ્ઞાનિકોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત કરતાં ડૉ. એમ. બી. પરમાર, સંશોધન વૈજ્ઞાનિક (ચોખા) દ્વારા સર્વેનું સ્વાગત પ્રવચન તેમજ કેન્દ્ર દ્વારા થતી સંશોધનની પ્રવૃતિઓ તથા સિધ્ધિઓ, ખેડૂત ઉપયોગી ભલામણો તેમજ વિવિધ જાતો વિષે ઓળખ આપવામાં આવી. ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ડાંગરની વિવિધ જાતો, તેમજ નવી જાતો જી.એ.આર. ૧૪, મહીસાગર તથા નવી આવનાર જાતો જી.આર. ૨૧ અને જી.એ.આર. ૨૨ વિષે વિસ્તૃત માહિતી આપી. શ્રી. એસ. એસ. થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટક) દ્વારા ડાંગરમાં આવતી મુખ્ય જીવાતો જેવી કે ગાભમારાની ઈયળ, પાન વાળનાર ઈયળ, ચૂસિયાં, વગેરે વિષે સમજણ આપી તથા તેનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેની વિસ્તૃત ચર્ચા કરી. ડૉ. આર. કે. ગંગવાર, સહ સંશોધન વૈજ્ઞાનિક (પેથો.) દ્વારા ડાંગરમાં આવતા મુખ્ય રોગો જેવા કે સુકારો, કરમોડી, ભૂખરી કંટીનો રોગ, અંગારીયો તથા પોષક તત્વોની ઉણપથી થતા રોગો અને તેનું સંકલિત નિયંત્રણની વિસ્તૃત માહિતી આપી. શ્રી. ડી. જે. કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો.) દ્વારા ડાંગરના પાકમાં ખાતર તથા પાણીનું વ્યવસ્થાપન, કાપણી જેવા વિવિધ ખેતી કાર્યોમાં ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ વિષે ચર્ચા કરી. ડૉ. એસ. જી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડિંગ), સંશોધન વૈજ્ઞાનિક (ચોખા), નિર્દેશકશ્રી (આત્મા), તથા આત્મા પ્રોજેક્ટ હેઠળના સ્ટાફગણ સાથે તમામ ખેડૂતોને પાક કૌતુકાલય તેમજ પાક સંવર્ધન હેઠળના અખતરાઓની નવી આશાસ્પદ જાતોથી ખેડૂતોને અવગત કરી તેઓના અભિપ્રાય જાણવામાં આવ્યા, કેન્દ્ર ખાતેના પાક ઉત્પાદન, રોગ તથા જીવાતને લગતા તમામ અખતરાઓ તથા બીજ ઉત્પાદન પ્લોટસની મુલાકાત કરાવી વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. અત્રેના ટ્રેનિંગ હોલમાં આ કેન્દ્ર ખાતેના તમામ વૈજ્ઞાનિકશ્રીઓ તથા નિર્દેશકશ્રી(આત્મા), દ્વારા ખેડૂત વૈજ્ઞાનિક વાર્તાલાપ થકી ખેડૂતોને ડાંગરના પાકમાં મૂંઝવતી બાબતોનું વૈજ્ઞાનિક રીતે નિરાકરણ લાવવા માટે ઊંડી સમજ આપવામાં આવી તથા જમીનની ફળદ્રુપતા જળવાય અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થાય તે માટે ડાંગરની ખેતી પધ્ધતિમાં રાખવાની થતી કાળજીઓ બાબતે ઊંડી સમજ આપવામાં આવી. તમામ કાર્યક્રમના અંતમાં આત્મા (ખેડા) પ્રોજેક્ટના પ્રતિનિધિ દ્વારા તમામ વૈજ્ઞાનિકશ્રીઓ, તથા નિર્દેશકશ્રી(આત્મા) ખેડૂતોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.







